E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 343 * Date: 03.10.2024,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-


# ૩૭૦૦૦ કર્મચારી, ૩૦૦૦ કરોડનું બજેટ... છતાં સંયુક્ત રાષ્ટ્ર કેમ સાતમી વખત યુદ્ધ રોકવામાં નિષ્ફળ?




પડદા પાછળ યુદ્ધ લડી રહેલા ઈઝરાયલ અને ઈરાન હવે સામસામે આવી ગયા છે, ત્યારે ગત મંગળવારની રાત્રે ઈરાને ઈઝરાયલ પર એક સાથે ૨૦૦ બેલેસ્ટિક મિસાઈલો છોડીને યુદ્ધની ઘોષણા કરી. તેવામાં ઈઝરાયલ પણ જવાબી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. આ બંને વચ્ચેના યુદ્ધમાં સંયુક્ત રાષ્ટ્ર પર સવાલો ઉઠી રહ્યા છે. શાંતિ સ્થાપવા માટે ૧૯૪૫માં રચાયેલા સંયુક્ત રાષ્ટ્ર ૭મી વખત યુદ્ધ રોકવામાં નિષ્ફળ રહ્યું છે. હાલમાં યુએનની નિષ્ફળતાને કારણે ૮ દેશો યુદ્ધના મેદાનમાં છે. રશિયા પણ સંયુક્ત રાષ્ટ્ર સંઘનું કાયમી સભ્ય છે.

યુએન ૨૦૨૨માં પણ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહીલા યુદ્ધને રોકી શક્યુ નથી. બંને દેશો વચ્ચે હજુ પણ જંગ શરુ છે. યુએનની નિષ્ફળતાના કારણે દુનિયાભરમાંથી અત્યાર સુધી ૪૦ લાખ લોકો જંગમાં માર્યા ગયા છે. જેમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘના ગઠનના ૧૦ વર્ષ બાદ અમેરિકાએ વિયેતનામ પર હુમલો કર્યો. આ યુદ્ધ વિયેતનામ-અમેરિકા યુદ્ધ તરીકે ઓળખાય છે. યુએન આ હુમલાને રોકવામાં નિષ્ફળ રહ્યું. આ યુદ્ધમાં લગભગ ૨૦ લાખ લોકો માર્યા ગયા, જેમાંથી મોટાભાગના લોકો વિયેતનામના હતા. જ્યારે ૧૯૮૦ના દાયકાના અંતમાં ઈરાકી સેનાએ ઈરાન પર હુમલો કરતા ઈરાને યુદ્ધની ઘોષણા કરી અને બંને દેશો વચ્ચે લગભગ ૮ વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું. આ યુદ્ધમાં લગભગ ૧૦ લાખ લોકો માર્યા ગયા હતા. જેમાં યુએન પણ આને રોકવામાં નિષ્ફળ રહ્યું.

જ્યારે ૧૯૯૪માં રવાંડામાં આંતરિક યુદ્ધ ફાટી નીકળતા બહુમતી હુતુએ ત્યાં તુત્સી લઘુમતી સમુદાય પર હુમલો કર્યો. જેમાં યુએન શાંતિ સમજૂતી માટે મેદાનમાં આવ્યું હતું, આ હત્યાકાંડમાં ૮ લાખ લોકો માર્યા ગયા હતા. જેને લઈને ૨૦૨૧માં ફ્રાન્સના રાષ્ટ્રપતિએ આ મામલે માફી માંગી હતી. ૧૯૯૧માં ગલ્ફ વોર ફાટી નીકળ્યું હતું. આમાં એક તરફ અમેરિકા આગળ હતું અને બીજી તરફ ઈરાક. આ યુદ્ધ કુવૈતના સાર્વભૌમત્વને લઈને શરૂ થયું હતું. આ યુદ્ધમાં બંને તરફથી લગભગ ૫૦ હજાર લોકો માર્યા ગયા હતા. જેમાં ઈરાકને સૌથી વધુ નુકસાન થયું.

૨૦૨૪માં સંયુક્ત રાષ્ટ્ર સંઘના કુલ બજેટ ૩.૫૯ બિલિયન ડોલર એટલે કે આશરે ૩૦૦૦ કરોડ રૂપિયા છે. વર્ષ ૨૦૨૧માં સંયુક્ત રાષ્ટ્રની કુલ રકમ ૧૫૦ મિલિયન ડોલર એટલે કે ૧૧૩૪ કરોડ રૂપિયા હતી. સંયુક્ત રાષ્ટ્રને આ રકમ સભ્ય દેશો પાસેથી દાન સ્વરૂપે મળે છે. વિશ્વના લગભગ ૫૫ દેશો નિયમિતપણે યુએનને દાન આપે છે. સંયુક્ત રાષ્ટ્ર આ નાણાં કાર્યક્રમના અમલીકરણ અને અધિકારીઓના પગાર પાછળ ખર્ચે છે. યુએનને સૌથી વધુ દાન અમેરિકા આપે છે. યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં કામ કરતા અધિકારીઓનો સરેરાશ પગાર વાર્ષિક ૯૮ હજાર ડોલર છે. જો આપણે તેને રૂપિયામાં જોઈએ તો તે દર મહિને ૭ લાખ રૂપિયા થશે. જ્યારે યુએન પ્રમાણે, આખી દુનિયામાં શાંતિ સ્પાથિત કરવા માટે તેના ૩૭૦૦૦ કર્મચારીઓ કામ કરે છે.

યુદ્ધ ન રોકી શકવાનું સૌથી મોટું કારણ સંયુક્ત રાષ્ટ્રની નીતિ છે. સંયુક્ત રાષ્ટ્ર સાથે ૧૯૩ દેશો જોડાયેલા છે, પરંતુ માત્ર ૫ દેશો અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન અને ચીનનું વર્ચસ્વ છે. સંયુક્ત રાષ્ટ્રના નિયમો અનુસાર, ફક્ત સ્થાયી સભ્યો જ મોટા નિર્ણયો લેશે. આ કાયમી સભ્યોને વીટોનો અધિકાર આપવામાં આવ્યો છે. જો આમાંથી એક પણ દેશ વીટોનો ઉપયોગ કરે છે, તો મામલો અટકી શકે છે.સંયુક્ત રાષ્ટ્રના પૂર્વ મહાસચિવ બુતરસ ઘાલીએ તેમની આત્મકથા`હદૃકહૈજરીદ્ઘ માં આ સિસ્ટમની આલોચના કરી છે. ઘાલીના પ્રમાણે, યુએન ઈચ્છે તો પણ કોઈ યુદ્ધ રોકી શકતું નથી, કારણ કે વીટો પાવર એને આવુ કરવા દેશે નહી. જો ટોપના દેશો પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે વીટો સિસ્ટમને ખત્મ કરી રહ્યાં નથી.

## કલોલમાં મજાક કરવા બાબતે થયેલા ઝઘડામાં ધોકા વડે હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી




કલોલ શહેરમાં આવેલી ચંપાબેનની ચાલીમાં રહેતા રાવળ અશોક ભીખાભાઈ ૩૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ વાગે કલોલ રેલવે પૂર્વમાં આવેલી કુલદીપ હોસ્પિટલ પાસેથી તેમના ઘર તરફ જતા હતા. તે સમયે કલોલમાં આવેલ ભગતની ચલીમાં રહેતો આરોપી મોતિયો પરમાર અશોક રાવળ સાથે મસ્તી કરતો હોય અશોક રાવળે તેમની સાથે મસ્તી નહિ કરવા મોતીયાને જણાવ્યું છતાં મોતિયો પરમાર માનેલો નહી.અશોક રાવળ પર ઉશ્કેરાઈ જઈ તેમને મનફાવે તેવા અપશબ્દો બોલી તેમની સાથે મારામારી કરી અશોકભાઈ પર ધોકા વડે હુમલો કરી માથાના ભાગે મારતાં અશોકભાઈને માથામાં ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થે કલોલ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.આજુબાજુ હાજર લોકોએ આરોપીના વધુ માર બચાવેલા તે સમયે અશોકભાઈને મોતિયાએ ધમકી આપતા જણાવેલ કે, આજે તો તું આ લોકોના કારણે બચી ગયો છે, પરંતુ હવે પછી જો તું રેલ્વે પૂર્વ વિસ્તારમાં દેખાઈશ તો તને જીવતો જવા દઈશ નહીં તેવી ધમકી આપી હતી.અશોકભાઈને માથાના ભાગે ધોકો વાગવાના કારણે ગંભીર ઈજાઓ થતાં લોહી નીકળતું હોય તાત્કાલિક સારવાર અર્થે કલોલ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાંલઈ જવામાંઆવ્યા હતા.

## નવરાત્રી દરમિયાન અભયમની ટીમો આખી રાત પેટ્રોલિંગ કરશે, યુવતીઓને અજાણ્યા રસ્તા પર ન જવા અપીલ




અભયમના સૂત્રોએ કહ્યું છે કે, આગામી નવરાત્રી દરમિયાન યુવતીઓની સાથે છેડતી કે અન્ય કોઈ બનાવો ન બને તે માટે સતકતા રાખવામાં આવી છે. અને વડોદરા શહેર તેમજ જિલ્લામાં અભયમની પાંચ ટીમો સતત પેટ્રોલિંગ કરશે. અભયમની ટીમો સાથે કાઉન્સિલર તેમજ મહિલા પોલીસ પણ રહેશે. યુવતીઓને એકલવાયા રસ્તા પસંદ નહીં કરવા, પરિચિતોના ગ્રુપમાં રમવા, અજાણી વ્યક્તિ સાથે ખાવા પીવાથી દૂર રહેવા અને કોઈપણ જરૂર પડે તો અભયમની મદદ લેવા અપીલ કરવામાં આવી છે.

## ગુજરાત ઈન સર્વિસ ડોક્ટરમા ડૉ. ગજેન્દ્રસિંહ ગઢવીની સર્વાનુમતે બિનહરીફ પ્રમુખ તરીકે વરણી કરવામા આવી

ગુજરાત ઈન સર્વિસ ડોક્ટર સાબરકાંઠા જિલ્લાના ડોક્ટરોની ૨૪ સપ્ટેમ્બરના રોજ સામાન્ય સભા હિંમતનગર ખાતે મેડિકલ કોલેજમા તમામ ડોક્ટરોની હાજરીમા યોજાઇ તેમા પ્રમુખ ડો રાજ સુતરીયા (સીડીએચઓ)

ઉપપ્રમુખ, ડો વીપુલ જાની( આસિસ્ટન્ટ આરએમઓ) મહામંત્રી, ડો પ્રવીણ અસારી (ડીએમઓ) ખજાનચી, ડૉ. દેવાસીસ ત્રિવેદીની વરણી કરવામા આવી રવિવાર ૨૯ તારીખ નારોજ આણંદ ખાતે ગુજરાત રાજ્યના ડોક્ટરો શ્રીઓની સાધારણ સભામા સમગ્ર ગુજરાત રાજ્યના ડૉ. શ્રીઓની હાજરીમા આયોજન કરેલુ જેમા હાલમા ઇડર સિવિલ હોસ્પીટલના આરએમઓ ડૉ. ગજેન્દ્રસિંહ ગઢવીની સર્વાનુમતે બિનહરીફ પ્રમુખ તરીકે વરણી કરવામા આવી તથા ગુજરાત ઈન સર્વિસ ડોક્ટર મા જોઈન્ટ સેક્રેટરી તરીકે ડોક્ટર વિપુલ જાનીની વરણી કરવામા આવી

## એસપીબી ઈંગ્લીશ મીડિયમ કૉલેજ ઑફ કોમર્સ દ્વારા ડુમસ બીચ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું




સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સ દ્વારા તા. ૦૧/૧૦/૨૦૨૪ના રોજ ×સ્વચ્છતા હી સેવા× કાર્યક્રમ અંતર્ગત ગણેશ મંદિર કિનારો-ડુમસ બીચ, સુરત તેમજ તેની આજુબાજુના વિસ્તારમાં કૉલેજના દ્વજીજી યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં કૉલેજના દ્વજીજી યુનિટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉમદા કાર્યનો એક દાખલો બેસાડ્યો છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓએ સ્વચ્છતા જાળવવા માટે શપથ પણ લીધી હતી.

## હિંમતનગર ખાતે શ્રી રાજપુરોહિત સમાજના બ્રહ્મધામ આસોત્રાના મહામંત્રીનો સન્માન સમારોહ યોજાયો



શ્રી રાજપુરોહિત સમાજ હિંમતનગર સાબરકાંઠા વતી બ્રહ્મધામ આસોત્રાના મહામંત્રી શ્રીમાન બાબુસિંહજી સોનાજી રાજપુરોહિતનો સન્માન સમારોહ યોજાયો આ કાર્યક્રમમા અમદાવાદ, અરવલ્લી, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા જિલ્લામાથી હજારો મહિલા શક્તિ અને સમાજના ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ મહામંત્રીને ૧૧ કિલોના હાર પહેરાવીને આવકાર્યા હતા જનરલ સેક્રેટરીએ તાજેતરમા અમરકંટકમા રાજપુરોહિત સમાજના ગુરુ મહારાજ શ્રીશ્રી ૧૦૦૮ તુલસારામજી મહારાજના ચાતુર્માસનુ આયોજન કર્યુ હતુ મહામંત્રીએ પોતાના સંબોધનમા સમાજને શિક્ષણની સાથે સંગઠિત રહેવાનો સંદેશો આપી નશા મુક્ત સમાજનુ સૂત્ર આપ્યુ હતુ

## દિલ્હી પોલીસે ઝડપ્યું ૨૦૦૦ કરોડની કિંમતનું ૫૦૦ કિલો કોકેઇન, ૪ લોકોની ધરપકડ



દિલ્હી પોલીસે ડ્રગ્સના એક મોટા કન્સાઈનમેન્ટને ઝડપી પાડ્યું છે. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે લગભગ ૨ હજાર કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કર્યું છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર સ્પેશિયલ સેલએ લગભગ ૫૬૫ કિલોથી વધુ કોકેઈન ઝડપી પાડ્યું છે. આ મામલે ૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.આ ડ્રગ્સની કિંમત ૨૦૦ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલા લોકોની કડક પૂછપરછ કરવામાં આવી છે કે આ ડ્રગ્સ રાજધાનીમાં કોના માટે લાવ્યા હતા, તેની ડિલીવરી કોને કરવાની હતી, આ ગેંગ સાથે કોણ કોણ લોકો જોડાયેલા છે. પોલીસ આ પ્રશ્નોના જવાબ શોધી રહી છે. પોલીસના અનુસાર ડ્રગ્સ તસ્કરીનું આ ઈન્ટરનેશનલ કનેક્શન હોઈ શકે છે. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે સાઉથ દિલ્હીમાં આ રેડને અંજામ આપ્યો હતો. તમને જણાવી દઈએ કે થોડા દિવસ પહેલાં પણ દિલ્હી પોલીસે એક ડ્રગ્સ કાર્ટેલનો પર્દાફાશ કર્યો હતો. દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચે ૩૦ સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાર્ટેલનો પર્દાફાશ કર્યો હતો. પોતાની આ કાર્યવાહી દરમિયાન દિલ્હી પોલીસે ૨૮૮ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત લગભગ ૧.૧૪ કરોડ રૂપિયા છે. પોલીસે આ કાર્ટેલના બે સભ્યોની ધરપકડ કરી હતી. ધરપકડ કરવામાં આવેલા બંને આરોપીઓ એક મુખ્ય સપ્લાયર છે.પ્રાપ્ત માહિતી અનુસાર આરોપી આંધ્રપ્રદેશ અને ઓડીશા બોર્ડર પરથી ગાંજો લાવીને દિલ્હી અને એનસીઆરમાં સપ્લાય કરતા હતા. ક્રાઈમ બ્રાન્ચે ઓપરેશન કવચ શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય દિલ્હી એનસીઆરમાં ડ્રગ્સ સપ્લાય વિરૂદ્ધ લડવાનો છે.

## તંત્રી સ્થાનેથી..

# ઈરાનના ઈઝરાયલ પર હુમલા વચ્ચે સૌથી વધુ ટેન્શનમાં શેરબજારના રોકાણકારો

ભારતીય શેરબજાર છેલ્લા કેટલાક દિવસથી પોતાની સર્વોચ્ચ ટોચે ટ્રેડ થઈ રહ્યા છે. પરંતુ છેલ્લા બે દિવસમાં નોંધાયેલ કડાકાએ મોટા કરેક્શનની સંભાવના વધારી હતી. તેમાં પણ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધની વણસી રહેલી સ્થિતિના કારણે મોટા કડાકાની દહેશત રોકાણકારોમાં જોવા મળી છે.જિઓ-પોલિટિકલ ક્રાઈસિસના પગલે વિદેશી રોકાણકારો મોટાપાયે પોતાનું રોકાણ પાછું ખેંચી રહ્યા છે. જેની અસર સ્થાનિક શેરબજાર પર જોવા મળી છે. જો બંને દેશો વચ્ચે યુદ્ધની સ્થિતિ વણસી તો રોકાણકાર શેરબજારમાંથી સુરક્ષિત રોકાણ માધ્યમો તરફ ડાયવર્ટ થઈ શકે છે. જેનાથી પ્રોફિટ બુકિંગ પણ વધશે.યુદ્ધની સ્થિતિ વચ્ચે વિશ્વભરના ઈક્વિટી માર્કેટ તૂટ્યા છે. અમેરિકાનો નાસડેક ૧.૫૩ ટકા તૂટ્યો છે. ડાઉ ૦.૪૧ ટકા, એસએન્ડપી ૫૦૦ ૧.૪ ટકા તૂટ્યો છે. એપલ એનવીડિયા અને માઈક્રોસોફ્ટ જેવી દિગ્ગજ ટેક્નોલોજી કંપનીઓના શેરમાં મોટો કડાકો નોંધાયો છે. વોલેટિલિટી ઈન્ડેક્સ હાઈ લેવલે પહોંચ્યો છે. જાપાનનો નિક્કેઈ ૨ ટકાથી વધુ તૂટ્યો છે.રિથોલ્ટ્સ વેલ્થ મેનેજમેન્ટના ચીફ માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ કેલી કોક્સે જણાવ્યું હતું કે, મધ્ય-પૂર્વમાં તણાવના કારણે માર્કેટમાં વોલેટિલિટી વધી છે. ક્રૂડના ભાવો વધ્યા છે, બોન્ડ, સોનાની કિંમોતો વધી છે. હેજિંગની સંભાવના વધતા શેરબજાર તૂટ્યા છે. થેમિસ ટ્રેડિંગમાં ઈક્વિટી ટ્રેડિંગના કો-હેડ જોસેફ સાલુજીએ જણાવ્યું કે, જિઓ-પોલિટિકલ ટેન્શનના કારણે ક્રૂડ મોંઘુ થયુ છે.

# ૪ ઓક્ટોબર, "વિશ્વ પશુ કલ્યાણ દિવસ"

દર વર્ષે ૪ ઑક્ટોબરનાં દિવસે "વિશ્વ પશુ કલ્યાણ દિવસ" ઊજવવામાં આવે છે. આ દિવસે પશુઓનાં અધિકારો અને તેના કલ્યાણ સંબંધિત જુદા-જુદા કારણોની સમીક્ષા કરવામાં આવે છે. પ્રાણીઓનાં મહાન આશ્રયદાતા આસીસી(ઇટલી)નાં સંત ફ્રાન્સિસનો જન્મદિવસ પણ ૪ ઑક્ટોબરે મનાવવામાં આવે છે. તેઓ પ્રાણીઓનાં મહાન સંરક્ષક હતા. "આંતરરાષ્ટ્રીય પશુ કલ્યાણ દિવસ"નો મુખ્ય હેતુ પશુઓ પ્રત્યે ક્રૂરતા, પશુ અધિકારોનું ઉલ્લંઘન વગેરે જેવા વિવિધ મુદ્દાઓ પર જાગરૂકતા ફેલાવવાનો છે.

પ્રથમવાર "વિશ્વ પશુ કલ્યાણ દિવસ"નું આયોજન હેનરિક જિમરમને ૨૪ માર્ચ, ૧૯૨૫ના રોજ જર્મનીનાં બર્લિનમાં આવેલા સ્પોર્ટ્સ પેલેસમાં કર્યું હતું, પરંતુ વર્ષ ૧૯૨૯થી આ દિવસ ૪ ઑક્ટોબરનાં રોજ મનાવવામાં આવ્યો. શરૂઆતમાં આ આંદોલનને જર્મનીમાં શરૂ કરવામાં આવ્યું અને ધીમે-ધીમે તે સમગ્ર વિશ્વમાં ફેલાવવા લાગ્યું. વર્ષ ૧૯૩૧માં ફ્લોરેન્સ, ઇટલીમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પશુ સંરક્ષણ સંમેલને "આંતરરાષ્ટ્રીય પશુ કલ્યાણ દિવસ" તરીકે ૪ ઑક્ટોબરનો દિવસ નક્કી કરવા માટે એક પ્રસ્તાવ પસાર કર્યો અને મંજૂર કર્યો. યૂનાઈટેડ નેશન્સે 'પશુ કલ્યાણ પર એક સાર્વભૌમ ઘોષણા'ના નિયમ તેમજ નિર્દેશો હેઠળ અનેક અભિયાન ચલાવવાની શરૂઆત કરી. નૈતિકતાની દ્રષ્ટિથી સંયુક્ત રાષ્ટ્રે સાર્વજનિક રીતે કરેલી ઘોષણામાં પશુઓના દર્દ અને પીડાના સંદર્ભમાં તેમને સંવેદનશીલ પ્રાણી તરીકે ઓળખ અપાવવાની વાત કરી. આજે માનવીએ ગધેડા જેવા ભોળા પ્રાણીથી માંડી હાથી જેવા કદાવર પ્રાણીને પકડીને ગુલામ બનાવી દીધાં છે. મોટાભાગના પ્રાણીઓ ગતિશીલ હોય છે. તેઓ સ્વેચ્છાએ, સ્વતંત્ર રીતે હરી ફરી શકે તેવું વાતાવરણ આપણે તેમને આપવું જ જોઈએ, તે આપણાં પર્યાવરણ સંવર્ધક છે. ઘણા બધા પ્રાણીઓ પાસેથી આપણને વિવિધ ગુણો શીખવા મળે છે. જેમ કે કૂતરો પ્રેમ અને વફાદારી શીખવે છે, નાનકડી કીડી પાસેથી એકતા, પક્ષીઓ પાસેથી સતર્કતા શીખવા મળે છે. બધા જ પ્રાણીઓ આપણી પૃથ્વીના જ છે તેમનું જતન કરવું આપણી પ્રથમ ફરજ છે.આ વિશ્વ પ્રાણી દિવસે તમામ પ્રાણીઓને શ્રેષ્ઠ પર્યાવરણ સાથે રક્ષિત વાતાવરણ પુરૂ પાડીએ, આમ કરવાથી આપણું પર્યાવરણ જ આપણે શ્રેષ્ઠ બનાવીશું.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# જીવનમાં ઉપયોગી શું? ભણતર કે ગણતર

જીવનમાં ઉપયોગી શું? ભણતર કે ગણતર, આ પ્રશ્નનો જવાબ આપવો થોડો અઘરો છે.

ભણતર અને ગણતર એ બન્ને તરાજુના બે પલ્લાં સમાન છે. ભણતર એટલે શિક્ષણ અથવા કેળવણી અને ગણતર એટલે અનુભવનું ભાથું અને કોઠાસૂઝ. અગાઉના જમાનામાં શિક્ષણ કે ભણતરનો આટલો વ્યાપ ન હતો તથા શિક્ષણને લગતી શાળા મહાશાળાઓ હતી નહીં. ભણતરનાં સાધનો બહું ટાંચા હતાં, પરંતુ તે વખતે આપણા પૂર્વજો, વડવાઓ તથા વડીલો પાસે અનુભવ, આત્મવિશ્વાસ તથા આગવી કોઠાસૂઝ હતી એને લીધે તેઓ તમામ કામ પાર પાડી શકતાં હતાં. આપણાં વડવાઓ પોતાની કોઠાસૂઝથી ભલભલાંને છક્કડ ખવડાવી દેતાં હતાં. અકબર બાદશાહનો માનીતો બિરબલ પણ કાંઈ ઝાઝું ભણેલો નહતો, પરંતુ એની પાસે કોઠાસૂઝ, અનુપમ બુદ્ધિચાતુર્ય અને ડહાપણ ભારોભાર હતાં એથી એ દરેક સમસ્યાને આસાનીથી હલ કરી દેતો હતો.

પરંતુ જમાનો બદલાયો અને પરિવર્તનનો દોર શરૂ થયો માટે ભણતરની જરૂરીયાત વધી ગઈ. ગામડે ગામડે શાળાઓ તથા કોલેજો શરૂ કરવામાં આવી. એથી વિદ્યાર્થીઓમાં એક પ્રકારની જાગૃતિ આવી. લોકોને શિક્ષણનું મહત્વ સમજાવા લાગ્યું. લોકોને આગળ વધવાની તકો મળવા લાગી. આજે વિદ્યાર્થીઓ વિદેશમાં પણ અભ્યાસ કરવા જઈ રહ્યાં છે અને અમુક તો ત્યાં નોકરી, ધંધો કરીને સ્થાયી પણ થઈ ગયાં છે. આજે નવાં નવાં કારખાનાં, ઉદ્યોગો વધ્યાં તથા શહેરીકરણને કારણે તથા ગળાકાપ હરીફાઈ થવાને કારણે ભણતર કે શિક્ષણ મેળવવું ખૂબ આવશ્યક બન્યું છે. હવેનાં જમાનામાં તમારી પાસે શિક્ષણ કે ભણતર નહીં હોય તો કોઈ તમને ઉભું પણ નહીં રહેવા દે. તમારી પાસે ગમે એટલી કોઠાસૂઝ કે ગણતર હોય પરંતુ હવેનાં યુગમાં એની કોઈ કિંમત નથી. હવેનાં જમાનામાં ડીગ્રીની કિંમત વધી ગઈ છે. તમે જેટલું વધારે ભણતર મેળવ્યું હશે એટલાં તમે ઝડપથી આગળ વધશો. એવું પણ નથી કે જીવનમાં ગણતર જરૂરી નથી. અમુક કામ ભણેલો વ્યક્તિ ના કરી શકે તે કામ ગણેલો વ્યક્તિ કરી શકે છે. માટે ઉપયોગીતા તો બેઉં બાબતની છે, છતાં આજનાં યુગમાં ભણતરનું પલ્લું વધારે નીચું જાય છે.

યોગેશભાઈ આર જોશી

હાલોલ:૩૮૯૩૫

# "સ્વરાજ મારો જન્મ સિધ્ધ હક છે" ભારત સ્કાઉટસ ગાઈડસ ધ્વારા મોહનદાસ જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી



તારીખ- ૨ જી ઓક્ટોબરે સાબરકાંઠા ભારત સ્કાઉટસ ગાઈડસ ધ્વારા ગાંધી જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં હિમતનગર શહેરની વિવિધ શાળાઓ અને કોલેજો એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ગાંધીજી ની પ્રતિમાને સુતર ની આંટી પહેરાવી ફૂલ અર્પણ કરી શ્રધાંજલિ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ માં સાબરકાંઠા જીલ્લા ભારત સ્કાઉટસ ગાઈડસ ના ચીફ કમિશ્નર શ્રી અતુલભાઈ દીક્ષીત, જીલ્લા સ્કાઉટ કમિશ્નર શ્રી નીતિનભાઈ ગુર્જર, જીલ્લા ગાઈડ કમિશ્નર શ્રીમતી ભારતીબેન ચૌધરી, રેન્જર કમિશ્નર શ્રીમતી સોનલબેન ડામોર, મદદનીશ જીલ્લા ગાઈડ કમિશ્નર શ્રીમતી નિપુર્નાબેન શાહ, જીલ્લા ટ્રેનીંગ ગાઈડ કમિશ્નર શ્રીમતી વૈશાલીબેન પટેલ, પ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. હિમતનગર શહેરમાંથી જૈનાચાર્ય આનંદઘનસુરિ વિદ્યાલય, મોતીપુરા પ્રાથમિક શાળા ના સ્કાઉટસ ગાઈડસ બાળકો અને એસ બી મહિલા કોલેજ ની રેન્જર બાળાઓ ઉપસ્થિત રહી હતી.

# એપેક્ષ દ્વારા યોજાયેલ રાસ ગરબા હરીફાઈ યોજાઈ



મહેશ સોની નખત્રાણા

સાંઈ જલારામ મંદિર નખત્રાણા ખાતે એપેક્ષ સ્માર્ટ ક્લાસિસ દ્વારા સિઝન સીકસ નવરાત્રિની ઉજવણીના ભાગ રૂપે રાસગરબા કોમ્પીટિશન અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા, ડે . કલેકટર શ્રી સુથાર સાહેબ,મામલતદાર શ્રી શર્મા સાહેબ, પી. આઈ શ્રી મકવાણા સાહેબ,વિકાસ અધિકારી શ્રી અરવિંદ ઠાકર સહિત સામાજિક તેમજ રાજકીય અગ્રણીઓની ઉપસ્થિત માં યોજાઈ ગયો.

સંચાલક કૈલાશ આથા, ભાનુંબેન આથા સહિત સ્ટાફ સાથે મોટી સંખ્યામાં નગરજનો ઊપસ્થિત રહ્યા હતા.જેમાં મેગા ફાઈનલ રાઉન્ડ માં દિતિશા કૈલાશભાઈ કટ્ટા તેમજ હેમાંશી હરેશભાઈ જોશી, પ્રથા સેંઘાણી એ અનુક્રમે પ્રથમ તેમજ દ્રિતીય, તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોહાણા સમાજ ના પ્રમુખ શ્રી રાજેશભાઈ પલણે કર્યું હતું.

# ઊના તાલુકા બ્રહ્મ કર્મચારી મંડળ, સમસ્ત બ્રહ્મ સમાજ ઉના દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

ઊના

(હિતેષ જોષી દ્વારા)

ઊના તાલુકા બ્રહ્મ કર્મચારી મંડળ અને સમસ્ત બ્રહ્મ સમાજ ઊના ના સયુંકત ઉપક્રમે સરસ્વતી સનમાન સમારોહ ૨૦૨૪ ઊનામાં આવેલ નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ બોર્ડિંગના સભાખંડમા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ વિજયભાઈ કે.જોશી અને બ્રહ્મ કર્મચારી મંડળના પ્રમુખ રાજુભાઈ એલ. ઉપાધ્યાય ની આગેવાની હેઠળ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ઊનાના પી.એસ.આઇ. પ્રકાશભાઈ જી.જોશી, અરવિંદભાઈ જાની, હરેશભાઈ જોશી, જયસુખ ભાઈ મહેતા,નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ બોર્ડિંગના ટ્રસ્ટી ઈશ્વર ભાઈ ઠાકર, વિગેરે બ્રહ્મ સમાજના આગેવાનો એ ખાસ હાજરી આપી હતી. આ કાર્યક્રમમા ઊના તાલુકાભર માંથી મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના ભાઈઓ અને બહેનો હાજરી આપી હતી.કાર્યક્રમ ની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. સંસ્થા નો પરિચય પ્રવીણ ભાઈ ધાંધલા એ આપેલ હતો. હાજર રહેલ આગેવાનો દ્વારા ઊના તાલુકાના ૧૬૫ થી વધુ ધોરણ ૧થી ઉચ્ચ શિક્ષણમા વિશિષ્ટ પ્રતિભા ધરાવતા બ્રહ્મ સમાજના વિધાર્થી ભાઈઓ,બહેનો નું શિલ્ડ, પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી સનમાનીત કરવામાં આવીયા હતા. કાર્યક્રમનું સંચાલન રત્નેશભાઈ જોશી અને દીપકભાઈ જોશી એ કરેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમાજ ના તમામ હોદેદારો અને સ્વયંસેવકોએ ખુબ સારી જહેમત ઉઠાવી હતી.આભાર વિધિ સંજય ભાઈ જોશીએ કરી હતી.



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા "સ્વચ્છતા હી સેવા ૨૦૨૪" પખવાડિયા અંતર્ગત સરગાસણના તળાવ ખાતે સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો.જેમાં મેયરશ્રી મીરાબેન પટેલ એ ઉપસ્થિત રહી શ્રમદાન કર્યું તેમજ સૌએ સાથે મળીને વૃક્ષારોપણ કર્યું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે આ અભિયાનમાં જોડાઈને આપણી નજીકના વિસ્તારને સ્વચ્છ બનાવવા સર્વેને સહૃદય આગ્રહ છે.

# અમદાવાદનાં બાપુનગરમાં સાસરિયાએ ખોટી ફરિયાદ કરતા મહિલાનો દવા પી આત્મહતીયા કરી

અમદાવાદ,

બાપુનગરમાં રહેતી મહિલાએ તેના સાસરિયાના ત્રાસથી કંટાળીને એલર્જીની દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પોલીસ તપાસમાં સાસરીયા દ્વારા મહિલા સામે ખોટી પોલીસ ફરિયાદો અને અરજી કરતા હતા તેમજ પતિને પણ ખોટી ચઢામણી કરીને ત્રાસ આપતા હતા. આ બનાવ અંગે બાપુનગર પોલીસે સાસરીના ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બાપુનગરમાં રહેતા અને ટીફીન બનાવવાનું કામ કરતી ૪૨ વર્ષની મહિલાએ બાપુનગર પોલીસ સ્ટેશનમાં દિયર અને દેરાણી તથા નણંદ સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાના ઘરે ઉપરના માળે તેમના દિયર અને દેરાણી તથા નણંદ રહે છે. અને મહિલાની નણંદનો પુત્ર વટવા ખાતે રહે છે. પરિવારના તમામ લોકો ફરિયાદી મહિલા વિરુધ્ધ ખોટી ખોટી પોલીસ સ્ટેશનમાં અરજી અને ફરિયાદો કરતા રહેતા હતા જેથી તેમને મનમાં લાગી આવતા રવિવાર રાત્રે મહિલાએ એલર્જીની દવા વધુ પ્રમાણ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.



શ્રી પરશુરામ બ્રહ્મસમાજ સંગઠન ભરૂચ દ્વારા ભાદરવા મહિના ની અમાસ ના દિવસે તારીખ ૨-૧૦-૨૦૨૪ ના રોજ સવારે ૯ વાગે સર્વ પિતૃ શ્રાદ્ધ . સર્વ પિતૃતર્પણ અને સર્વ પિતૃ પિંડદાન નું આયોજન પાંજરાપોળ શક્તિનાથ ખાતે કરવામાં આવ્યું હતું તેમાં ભરૂચ ના આગેવાન બ્રહ્મ બંધુઓ શ્રી પરશુરામ ક્રેડિટ સોસાયટી ના સ્થાપક શ્રી રજનીકાંત રાવલ સાહેબ .અને શ્રી પ્રદીપ રાવલ પાંજરા પોળ ના ટ્રસ્ટીશ્રી બિપિન ભાઈ ભટ્ટ .ચેરમેન શ્રી શૈલેષ ભાઈ દવે તથા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ભરૂચ જિલ્લા પ્રમુખ શ્રી જનક ભાઈ શ્રી ભરૂચ શહેર પ્રમુખ શ્રી હેમંત ભાઈ તથા શ્રી ભરૂચ શહેર કિસાન સંગઠન મંત્રી અને શ્રી ભરૂચ શહેર બ્રહ્મ સમાજ ઉપ પ્રમુખ શ્રીજયેન્દ્ર ભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા.







તા.૨-૧૦-૨૦૨૪ બુધવાર સવારે સર્વ પિતૃ અમાસ નિમિત્તે શ્રાધ્ધ તર્પણ વિધિ અંતર્ગત કાર્યક્રમનું આયોજન ગાયત્રી શક્તિ પીઠ,શાહીબાગ,અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું જેનો લાભ શ્રધ્ધાળુઓએ લીધો હતો અને સૌને સદ્ બુધ્ધિ ઉજ્જવળ ભવિષ્ય નિરામય જીવન પ્રાપ્ત થાય તેવી પ્રાથના કરાવામાં આવી હતી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS No.167***
★વિષય:-"ગરબો"★
★શિર્ષક;- "મા રાંદલ તારા મોલ અણમોલ"★
★પ્રકાર:- પદ્ય - શબ્દ:-૧૧૪★

★મા, રાંદલ તારા, મોલ અણમોલ(૨)★

અમી ભરી છે તારી આંખલડી, ને અમીની વર્ષો થાય
તારા દ્વારે જે કોઈ આવે, ખાલી હાથે પાછો ન જાય
માતા તારા, જ્યાં, ત્યાં, ગુણગાન ગવાય(૨)
મા, રાંદલ તારા, મોલ અણમોલ(૨)

કુળ દીપકને તું દેનારી, ને કુળની વૃદ્ધિ થાય
ખાલી ખોળે, જે આવે વચન લઈને પાછા જાય
માતા, તારા જ્યાં, ત્યાં, ગુણગાન ગવાય(૨)
મા, રાંદલ તારા, મોલ અણમોલ(૨)

દડવા પાદર બેસણાં ને લોકદરબાર ત્યાં ભરાય
રોતા રોતા જે આવે હસતા હસતા પાછા જાય
મા, રાંદલ તારા જ્યાં, ત્યાં, ગુણગાન ગવાય(૨)
મા, રાંદલ તારા, મોલ અણમોલ(૨)

★નરેન્દ્ર ત્રિવેદી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS no.369**
વિષય - નવલી નવલરાત ગરબો
શીષૅક- ગરબા રમવા આવો રે ચોટીલાની ચામુડ મા. પ્રકાર - પધ

લીલાં લીલાં તારા ડુંગર ચમકે
લીલાં લીલાં તારા ડુંગર ચમકે
ગરબે રમવા આવો રે ઓ ચોટીલાની ચામુડ મા

ચાલી ચાલી ને હું એ થાક્યો અલા ચાલી ને હું થાક્યો
દશૅન દેવા આવો રે ઓ ચોટીલાની ચામુડ મા
ગરબે રમવા આવો રે ઓ ચોટીલાની ચામુડ મા

શ્રીફળ લીધું ને ચુંદડી લીધી લીધો તારો પ્રસાદ રે
સદ્ બુદ્ધિ ને આશીર્વાદ આપો રે ઓ ચોટીલાની ચામુડ મા
ગરબે રમવા આવો રે ઓ ચોટીલાની ચામુડ મા

થાય તમારી આરતી રે
થાય તમારી આરતી રે
સૌ દુખીયા નાં દુઃખ મારતી રે
ઓ ચોટીલાની ચામુડ મા
ગરબે રમવા આવો ને ઓ ચોટીલાની ચામુડ મા

કુમ કુમ પગલાં કરો આંગણે રે
કુમ કુમ પગલાં કરો આંગણે રે
ઝુલાવે ચકો તમને સોનાનાં પારણે રે
ઓ ચોટીલાની ચામુડ મા
ગરબે રમવા આવો રે ઓ ચોટીલાની ચામુડ મા

લીલાં લીલાં તારા ડુંગર ચમકે
લીલાં લીલાં તારા ડુંગર ચમકે
ગરબે રમવા આવો ને ઓ ચોટીલાની ચામુડ મા..

મકવાણા નિતીન કુમાર
ઉપનામ -ચકો..સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.: 0101**
★વિષય: નવલી નવરાત★
★વિષય: ★નવરાત્રી નવ વિલાસની★
પ્રકાર: પદ્ય. શબ્દ : ૩૪૩

શ્રી સ્વામીનીજીએ પ્રભુ મિલનના પ્રયોજનથી નવવિલાસનો આરંભ કર્યો
નવધા ભક્તિરૂપ નવ દિવસ સાત્વિક, રાજસ, તામસ ભક્તોને વિવિધ સામગ્રી અને અનેક મનોરથ કરી પ્રભુને પધરાવ્યા અને પ્રભુએ પણ ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા
વિલાસનો અર્થ વિલસવું અર્થાત ખેલવું શ્રીઠાકોરજી સાથે રમવું. પ્રભુને ગમે. શ્રીઠાકોરજી સાથે કોણ ખેલે?
ત્યારે કહે છે સાત્વિક, રાજસ, તામસ બધાં ભક્તો ખેલે પોતાની નવધા ભક્તિ અને પ્રેમલક્ષણા ભક્તિ સાથે. આ નવધા ભક્તિપૂર્વક પ્રભુને નવ જુદા જુદા સ્થાન પર પ્રભુ સાથેનો વિલાસ ખેલ, તે પ્રેમલક્ષણામાં રૂપાંતર થાય આવી સુંદર પ્રેમલક્ષણા ભકતી પ્રભુ પોતાની નવ સહચરી સાથે જુદા જુદા વનમાં ખેલે છે તેના ભાવ અભિવ્યક્ત કરતાં નવ વિલાસના પદો.

નવરાત્રિનો સાતમો વિલાસ આજ રે
ગહરવનમાં મુખ્ય સહચરી કૃષ્ણાવતી રે
સોહામણી કાયા નાની, પ્રાવિણ્ય અપાર રે
વનદેવી કાજ ગૂંથી ગુંજા અને ફૂલોની માળા રે
ચંદ્રાવતી સખી આજ અતિ પ્રસન્ન રે
હસત હસત ગાલ લાલ જેમ લાલ મુનિયા ચીડિયા રે
દેવી પાસે રચ્યો કામ કલામય અલૌકિક ખેલ રે
જોઈ થયા અધીરા આવેશે મદન પ્રગટ્યા રે
કુંવર કન્હૈયાથી ઘેલી કિશોરી ભાન ભૂલી રે
અંગે અંગ ભીંસાયા ઉરમાં ઉન્માદ રે
રસિક જનોના રહદયમાં લીલા રંગ છવાયો રે

નવરાત્રિનો આઠમો વિલાસ આજ રે
મુખ્ય સહચરી સારંગી ખેલ નિપુણ રે
સંગે તેના શાંતનુકુંડ શ્યામાજી પ્રવેશ્યા રે
સુરજમંદિર પૂજન, ભોગ મેવા ધર્યા રે
વ્રજ લલના ઉમંગે ખેલવા વન ઘૂમે રે
આવ્યા ભદ્રવન હસતા ગાતા રમતા રે
કૃષ્ણકલાના સુંદર મંદિરમાં યૌવન આવ્યું રે
ડૂબી નંદલાલ રસમાં વ્રજયુવતીઓ રે
સૌંદર્ય,સૌંદર્યનું દર્શન કરી ચકિત રે
નીરખી નીરખી નેત્ર ન તૃપ્ત થાય રે

નવમ વિલાસના નવલ રૂપ ધારણ કરે સ્વામીનીજી
નવધા ભક્તિ સભર નોતર્યા સખીજનોનેજી
પધારી શ્યામા સંગીઓ સજી ધજી ઉપહાર લઈજી
કર્યો મનોરથ બંસીબેટે વ્રજભક્તો સંગજી
રાગ રંગ સ્વર બંધાન કિલ્લોલતિ સરિતાજી
હસ્તે વેણુ મણીમય કુંડલ ધર્યા તમ નાશક મોહનજી
મોર મુગુટ પીતાંબર સોહે પગ નૂપુર ઝનકારજી
હાથે કંકણ ગ્રીવા રત્નજડિત હારે શોભે શ્યામજી
આનંદઘન રાધાવર દર્શને વ્રજનાર હરખાઈજી
કુંજ દ્વારે હરિ હેતના ઝૂલે ઝૂલે રૂપ સ્વામીનીજી
નવનીત ભોગ સામગ્રી યુગલ સ્વરૂપને ધર્યાજી
સત્કાર્યા નંદનંદને સફલ થયા વ્રજવિહારજી
ભોગ સરાવ્યાં આચમન કર્યા બીડા આરોગાવ્યાજી
જય સ્વામીનીજી જય નાથજી ગોપી ગાયેજી
નવ રસ રાસ વિલાસ ઉલ્લાસ સખી સંગ ખેલેજી
રાસ રસિક રસ મંડિત ભવ તારે સૌ ભક્તજનોજી.

★ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષય :નવલી નવરાત
"ગરબો"
શીર્ષક: ખમ્મા ખમ્મા...
પ્રકાર:પદ્ય. શબ્દ સંખ્યા:૧૨૨

આવી નોરતાની રાત રઢીયાળી,
મા તુ ગરબે રમવા આવ રે,માડી તને ખમ્મા ખમ્મા...

ખમ્મા ખમ્મા અંબે માત,
માડી તમે ભક્તોને દર્શન દેવા આવજો,
માડી જો દયા કરે તો ભવ સાગર તરી જવાય રે...ખમ્મા ખમ્મા...

માડી તારા શરણે દુઃખીયા આવે,
એના દુઃખ દર્દ ટળી જાય રે...ખમ્મા ખમ્મા...

આરાસુરના અંબે મા માના ગુણલા ગવાય રે,
મા તું સર્વ જગતની માડી શક્તિ રૂપે દર્શાય રે...ખમ્મા ખમ્મા...

ભક્તો મા તારા શરણે આવે એના મનોરથ પૂરા થાય રે,
વાંઝીયાને ઘેર મા પારણું બંધાય,આશાપુરી થાય રે...ખમ્મા ખમ્મા...

'પ્રેમ' વિનવે કર જોડીને મા તારા ગુણલા ગવાય રે,
શરણમાં રાખો મા સર્વેને કરો સઘળી કૃપાય રે...
ખમ્મા ખમ્મા...

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : ' નવલી નવરાત "ગરબો"
શીર્ષક : " આવી નવલી નવરાત "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૯૮.

આવી નવલી નવરાત, સૌ સખીઓ સંગાત,
સૌ વંદન કરશે તમને, રાત, નવરાત,
અમે ગરબે માતાજીનાં ભમશું હો જીરે,
અમે ગરબે માતાજીનાં રમશું હો જીરે,
જય અંબે, જય અંબે અંબે, જય જગદંબે.

ઢોલ વાગે ત્રંબાળું, માતાજીનાં મંદિરે,
શંખ વાગે રૂપાળું, માતાજીનાં મંદિરે,
કરી આરતી માતાજીને નમશું હો જીરે,
અમે ગરબે માતાજીનાં રમશું હો જીરે.
જય અંબે, જય અંબે અંબે, જય જગદંબે.

શરદ પૂનમની રાત, ચડ્યો ચંદ્ર આકાશ,
તું ના કરતી કદી તારા ભક્તોને નિરાશ.
દૂધ પૌવા માતાજીને ધરશું હો જીરે,
અમે ગરબે માતાજીનાં રમશું હો જીરે,
જય અંબે, જય અંબે અંબે, જય જગદંબે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS - 169**
વિષય - નવલી નવરાત
શીર્ષક - માતા ચામુંડા
શબ્દ સંખ્યા -૧૨૪

મા ચોટીલા ગઢથી ઉતર્યા માતા ચામુંડા,
પધાર્યા ચાચરચોક માંય રે માતા ચામુંડા.

માને અંગે તે ચૂંદડી શોભતી માતા ચામુંડા,
રૂડા આભલા ઝગમગ થાય રે માતા ચામુંડા.

માને કપાળે ટીલડી શોભતી માતા ચામુંડા,
માની નથણીની શોભા અપાર રે માતા ચામુંડા.

માને કંઠે તે નવલખો હાર માતા ચામુંડા,
સંગ હીરામાણેક ખુબ શોભતા રે માતા ચામુંડા.

માને બાયે બાજુબંધ શોભતા માતા ચામુંડા,
માના કંકણની શોભા અપાર રે માતા ચામુંડા.

માને દસે આંગળીએ વેઢ માતા ચામુંડા,
માંને કેડે કંદોરો ઘણો શોભતો રે માતા ચામુંડા.

માને પાયે તે ઝાંઝર શોભે માતા ચામુંડા,
માને સિંહની સવારી રે માતા ચામુંડા.

આવી આવી નવલી નવરાત રાત મોરી માત,
હરજો દુખડાને દેજો દર્શન રે માતા ચામુંડા.

?? લતાબેન ચૌહાણ."સોનાવેલ"(ગોધરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષય :- "નવલી
આભાર - નિહારીકા રવિયા નવરાત" "ગરબો"
શીર્ષક:- "માડી ખમ્મા ખમ્મા"
પ્રકાર:- પદ્ય / સ્તુતિ શબ્દો:- ૯૦

ખમ્મા ખમ્મા જગદંબા, તમને ખમ્મા ખમ્મા,
ગરબે રમવા આવો અંબા, તમે રમ્બા રમ્બા.

નવરાત છે નમણી, શાંતિ આપો શમ્માં શમ્માં,
જાતજાતના ભોજન,તમે આવો જમ્મા જમ્મા.

ગમ્મત કરો રમત રમો,ગરબે ઘૂમો ગમ્મા ગમ્મા,
અવનિ પર આનંદ અર્પો આરાસુરી અંબા અંબા.

રાત અંધારી કે ચાંદની, ચમ્મરધારી ચમ્મા ચમ્મા,
નમન કરે સૌ નરનારી, નારાયણી ને નમ્મા નમ્મા.

તુજ શક્તિ, તુજ ભક્તિ,તું વિરક્તિ વમ્માવમ્મા,
વિષ્ણુ નમે તને શિવ નમે તું બ્રહ્માણી બ્રહ્મા બ્રહ્મા.

'અમૃત' અર્પતી,સંસ્કૃત કરતી તુ મારી મમ્મા મમ્મા,
દર્શન દ્યો દયાળુ, જગતજનની જગદંબા જગદંબા.

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 334**
વિષય : ' નવલી નવરાત "ગરબો"
શીર્ષક : રોજ રટણા કરું મા......
પ્રકાર : પદ્ય (ગરબો) શબ્દો : ૭૯
★છંદ★
ગબ્બરવાળી,સિંહ સવારી,
ત્રિશુલધારી, દિનદયાળી,
પરચાધારી,ઉધ્ધાર કરનારી
કુળદીપક દેનારી,તારણહારી,
ગરબે રમવા આવ અંબે માતા,
જય જય જય મા ગબ્બરવાળી,
મા જય જય મા ગબ્બરવાળી.

રોજ રટણા કરું મા તારા નામની રે,
હું આરતી ઉતારું મા તારા નામની રે.

રૂડી નોરતાની રાત, અષ્ટસિદ્ધિઓને સાથ,
ગાશું સખીઓ સંગાથ,મા ગબ્બરવાળી
સાથ.
રોજ રટણા કરું મા તારા નામની રે.

માનો ગરબો સોહાય,રૂડા શણગાર સજાય,
મંદિરે દિવડા પ્રગટાય,જ્યોત ઝળહળ થાય.
રોજ રટણા કરું મા તારા નામની રે....

તારા નવલાં તે રૂપ, તારી શક્તિ અમાપ,
તું તો દુષ્ટોને કરે સાફ, ચરાચરમાં તારો વાસ.
રોજ રટણા કરું મા તારા નામની રે....

ચાચરચોકમાં તે ગરબે રમે સૌ નરનારી રે,
કરીએ અખંડ તારા જાપ,મટે મનનો સંતાપ.
રોજ રટણા કરું મા તારા નામની રે.......

★મહેશ રાઠોડ"સ્નેહદીપ"પિલુદ્રા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGO SS NO-353**
વિષય:-ગરબો
શીર્ષક:-સાચા ગરબાનો અર્થ
શબ્દો:-૩૫૦
ગરબો એટલે"ગહન રચનાનો બોધ"માટીના ઘડામાં છીદ્રો પાડી એમાં દીપ મુકવો એની ફરતે રમવું એને ગરબો કહીએ પણ ખરો અર્થ એનો અર્થ આધ્યાત્મિક કરીએ તો એમ થાય કે આ માનવ શરીર માટીનું બન્યું એમ આપણે કહીએ એ શરીરમાં પણ નવ દ્વાર ને નવસો નવ્વાણું નાડી એ નાડીમાં ચેતન આત્મા જ્યોત સ્વરૂપે છે.
ગર્ભદીપ શબ્દનો લોપ થઈ કાળક્રમે ગરબો શબ્દ થયો.
સંસ્કૃતમાં એને ગર્ભદીપ કહેવાય છે.માનવ શરીર પણ એક ગરબો છે. એને સમજીએ તો ઘણું જાણવા મળે એ પરમાત્માનું બનાવેલ રહેવાનું સ્થાન છે. ગર્ભ એમાં એને ચેતન આત્મા મુકી એ દીપ નું પ્રતિક એ શરીરમાં આત્મા થી પરમાત્માની આરાધના કરવી એને શક્તિ નું પ્રતિક કહ્યું છે.
૨૭ નક્ષત્રોના ચાર ચરણ એનો ગુણાકાર કરતા ૧૦૮ થાય. એમ ૧૨ રાશી ને નવ ગ્રહ એનો ગુણાકાર પણ ૧૦૮ થાય. એટલે કે માનવ શરીર પર નવ ગ્રહોની અસર થાય છે.
એ નવે ગ્રહો ની આરાધના પણ માનવ કરી શકે દેવી ના પણ નવ સ્વરૂપો છે. એને જાણી શકે ને માંના કૂખમાં પણ નવ મહિના રાખી માનવ જન્મ થાય. નવનો અંક પૂર્ણ છે.
એટલે કહુ.
"નવખંડ દેહ માંહી નવ દ્વાર સંસાર માયા વ્યાપી,
નામ જપ આરાધ આત્મ,દસમ દ્વાર વિજય,
એટલે કે નવખંડ પણ આ દેહમાં છે.નવ દ્વાર સંસાર તરફ ખુલે પણ એ નવદ્વારમાં થી આત્મા પ્રભુનું નામ જપી એ ઈન્દ્રિયો પર વિજય આપી દસમા દ્વાર આવે એટલે વિજય થાય એને વિજયા દસમી કહેવાય.
સમય સાથે ગરબાનો આધ્યાત્મિક અર્થ ભુલાઈ ગયો. બસ હાલ એનો અર્થ કમાણીને ફેશન બની ગયો પણ સાચો અર્થ એટલે.
"આ માનવ શરીરમાં હ્રદય રુપી ગર્ભમાં ખુદ એ પરમાત્મા બિરાજે છે. એને મળવા આ નવદ્વારમાં થી આત્મા રુપી દીપને સમેટી એ પરમાત્મા રુપી આરાધ્ય ને મળવાનું છે. એની આરાધના કરવાની છે.
નવદ્વાર શરીર એ છે બે આંખો, બે નાકના છીદ્રો, બે કાન ના છીદ્રો, મુખ, બે નીચેની ઈન્દ્રીયના છીદ્રો, એમ નવ થાય એ નવ દ્વારથી આત્માને સમેટી અંતરમાં દસમાં દ્વાર એટલે બે આંખોની વચમાં લાવવી એ આરાધના એ સાચી આરાધના એટલે જ ગરબો માથે મુકાય છે. કે છે? કે જે છે એ તારી અંદર છે.એજ સાચું સ્થાન છે. એજ ખરા અર્થમાં સાચી આરાધનાને સાચો ગરબાનો અર્થ છે.માનવ શરીર ગરબો જ છે.
લિ. પ્રકાશકુમાર.એમ.સોલંકી"એકાંત"

# કાયદા માં રહેશો તો ફાયદા માં રહેશો અને દાદા ના રાજ માં દાદાગીરી નહિ ચાલે ની શેખી મારનાર ગૃહ મંત્રી જણાવે કે બળાત્કાર અને હત્યા જેવા ગંભિર ગન્હાઓમાં સંકળાયેલા ભાજપ ના નેતાઓ ના સરકારી વરઘોડા ક્યારે કાઢવાના છો?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, કાયદા માં રહેશો તો ફાયદા માં રહેશો અને દાદા ના રાજ માં દાદાગીરી નહિ ચાલે ની શેખી મારનાર ગૃહ મંત્રી જણાવે કે બળાત્કાર અને હત્યા જેવા ગંભિર ગન્હાઓમાં સંકળાયેલા ભાજપ ના નેતાઓ ના સરકારી વરઘોડા ક્યારે કાઢવાના છો? વડોદરા શહેરમાં ૨૨ સપ્ટેમ્બરના રોજ જેહમત બાદ પોલીસ દ્વારા જે દુષ્કર્મની એફ.આઈ.આર. નોંધવામાં આવી તેના આરોપી આકાશ ગોહિલ ભાજપ જોડે સંકળાયેલ હતો, આરોપીની ધરપકડ ફરિયાદના એક સપ્તાહ બાદ પકડાય અને તે એક સપ્તાહ ક્યા હતો ? તેની પુછપરછ થવી જોઈતી હતી. આકાશ ગોહિલ એજ આરોપી છે જે તેના ઓડીઓમાં કહેતો હતો કે મારી પાસે પાંચ-પાંચ ધારાસભ્ય છે. વડોદરાની પોલીસ એ એવુ તો શું કર્યું કે આ બળાત્કારના આરોપીના રીમાન્ડ ના મેળવી શકી? બળાત્કાર નું આરોપી આકાશ ગોહિલ વગર રિમાન્ડ એ જેલ ભેગો થયો, દસ દિવસ પહેલા એફ.આઈ.આર. થઈ હતી, આરોપી ક્યાં હતો તે શું પોલીસ એ તપાસ ના કરવી જોઈએ, જે આરોપી એમ કહેતો હોય કે ૫ ધારાસભ્યો મારી પાસે છે ની શેખી મારતો તે ચમરબંધીને કાયદા નું ભાન કરાવવા માં કેમ ગૃહ મંત્રી પાછા પડ્યા? વડોદરા ના કિસ્સા માં એવું જાણવા મળ્યું છે કે ધારાસભ્ય વિદેશ ગયા હોવા થી રાહ જોવાતી હતી કે કેમ ? તેવો સવાલ થાય છે.ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાંક ઘટનાઓમાં ગુજરાતની પોલીસ ગુન્હેગારોને કાયદાનું ભાન કરાવતા જોવા મળતા વીડીયો સામે આવ્યાં ત્યારે જે લોકો ભાજપ કે સંઘ જોડે જોડાયેલા હોય તેવા ગુન્હેગારોના મુદ્દે પોલીસ અને ગૃહમંત્રી ચુપકેમ? દાહોદમાં છ વર્ષની દિકરીની હત્યા કરી દેવામાં આવે, આવા ગંભીર ગુન્હામાં પોલીસ કાયદાનું ભાન કરાવે તેવા વીડીઓ મીડીયામાં કેમ નથી દેખાતા ? શું એ નરાધમ ગોવિંદ નટનો સરકારી વરઘોડો કાઢવામાં આવ્યો હતો ? કલકત્તાની ચિંતા કરનાર મુખ્યમંત્રી અને ગૃહમંત્રી દાહોદની ઘટના ઉપર ચુપ કેમ ? વડોદરાના દુષ્કર્મની ઘટના ઉપર ચુપ કેમ ? મહેસાણાની દુષ્કર્મની ઘટના ઉપર ચુપ કેમ ? માત્ર વાહવાહી લુટવા નિવેદન બાજી કરી અને જ્યાં ગુન્હેગારો તેમની પાર્ટી જોડે સંકળાયેલા નિકળે છે તે બાબત ઉપરની ચુપ્પી સ્પષ્ટ દર્શાવે છે કે ભાજપની કથની અને કરનીમાં ફેર છે.શું દાહોદ માં સંઘી ગોવિંદ નટ ને કાયદા નું ભાન કરાવ્યું ? શું ભાજપ યુવા મોરચા ના ગૌરવ ચૌધરી નું સરઘસ કાઢ્યું, શું આટકોટ ના બળાત્કારી ભાજપ નેતા મધુ ટાઢાણી અને પરેશ રાદડીયા ને કાયદા નું ભાન કરાવ્યું હતું? મીણબત્તી લઈ ને નીકળનાર ટ્વીટ વાળા નેતાઓ ને દાહોદ, વડોદરા, મેહસાણા, આટકોટ (રાજકોટ) દુષ્કર્મ કેસ માં કેમ સાપ સૂંઘી ગયો છે? શું આ આરોપીઓ ને જેલ માં વિશેષ સેવા નો લાભ તો નથી અપાતો ને ? તેની પણ ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ થાય તેવી માંગ છે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.